MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
EQUITY AND EXCELLENCE

2023



**માતા-પિતા માહિતીની શ્રેણી**
મેરીલેન્ડમાં વિશેષ શિક્ષણ સેવાઓ:

# માધ્યમિકમાંથી આગળ વધવા માટેનું આયોજન (સેકન્ડરી ટ્રાન્ઝિશન પ્લાનિંગ)

વિશેષ શિક્ષણ પ્રક્રિયા | માતાપિતાના અધિકારો | IEP ને સમજવું | **માધ્યમિકમાંથી આગળ વધવું**



# પરિચય

**માધ્યમિકમાંથી આગળ વધવા માટે કૌટુંબિક માર્ગદર્શિકા એ મેરીલેન્ડની જન્મથી 21 માતા-પિતા માહિતીની શ્રેણીનો એક ભાગ છે,** જે મેરીલેન્ડમાં વિશેષ શિક્ષણ પ્રક્રિયા અને સેવાઓની પદ્ધતિમાં રાજ્યવ્યાપી પરિવારોને સમર્થન આપવા માટે રચાયેલ પ્રકાશનોનો સંગ્રહ છે. આ માર્ગદર્શિકા વિકલાંગતાથી પીડાતા વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (IDEA) હેઠળ માધ્યમિકમાંથી આગળ વધવા માટે પ્રક્રિયાની જરૂરિયાતો તેમજ સકારાત્મક પરિણામ મેળવવા માટે ભલામણ કરેલ વ્યૂહરચનાઓ અને સંસાધનો વિશે પ્રાથમિક માહિતી પ્રદાન કરે છે.



# અનુક્રમણિકાનું કોષ્ટક


પૃષ્ઠ 4

**માધ્યમિકમાંથી આગળ વધવા માટેનું આયોજન**

પૃષ્ઠ 5

**માતાપિતા અને વિદ્યાર્થીની સહભાગીતા**

પૃષ્ઠ 7

**માધ્યમિકમાંથી આગળ વધવાના પગલાં**

પૃષ્ઠ 16

**મુખ્ય 10 વસ્તુઓ**

પૃષ્ઠ 22

**જો મને પ્રશ્નો હોય અથવા તો મદદની જરૂર હોય તો શું?**


વધુ માહિતી માટે અહી અમારી મુલાકાત લો

**www.marylandpublicschools.org**

# સ્વાગત છે **મેરીલેન્ડમાં માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજનમાં**

### માધ્યમિકમાંથી આગળ વધવા માટેનું આયોજન એટલે શું?

**માધ્યમિકમાંથી આગળ વધવા માટેનું આયોજન એ વિકલાંગતાથી પીડાતા વિદ્યાર્થીઓને હાઈ સ્કૂલ પછીના જીવન માટે તૈયાર કરવાની એક અવિરત પ્રક્રિયા છે.** આ પ્રક્રિયા બાળકના જીવનમાં વહેલી શરૂ થાય છે જ્યારે તેઓ પ્રથમ વખત તેમના વાતાવરણ, પસંદ, નાપસંદ અને રુચિઓ વિશે શીખે છે. તે સ્કૂલ સમય દરમિયાન ચાલુ રહે છે કારણ કે ત્યારે વિદ્યાર્થીઓ ભવિષ્ય માટેની દૂરદર્શિતાના વિકાસને સમર્થન આપવા અને પુખ્ત જીવન તરફ પરિવર્તન માટે તૈયાર થવા માટે અનુભવોમાં ભાગ લે છે. માધ્યમિકમાંથી આગળ વધવા માટેનું આયોજન એ એક સહયોગી પ્રયાસ છે જેમાં વિદ્યાર્થીઓ, પરિવારો, સ્કૂલના કર્મચારીઓ અને અન્ય મહત્વપૂર્ણ સમુદાયના સભ્યોનો સમાવેશ થાય છે.

વિકલાંગતાથી પીડાતા વિદ્યાર્થીઓ જેઓ વિશેષ શિક્ષણ સેવાઓ મેળવે છે તેઓ ફેડરલ અને રાજ્યના કાયદા હેઠળ યોગ્ય પરિવર્તન સેવાઓ મેળવવા માટે હકદાર છે જે તેમની હાઈ સ્કૂલથી પુખ્ત જીવન સુધીના પરીવર્તનને સમર્થન આપે છે. મેરીલેન્ડમાં, ઔપચારિક માધ્યમિકમાંથી આગળ વધવા માટેનું આયોજન IEP પ્રક્રિયા દ્વારા 14 વર્ષની ઉંમરે અથવા જો યોગ્ય હોય તો તે પહેલાં શરૂ થાય છે. 16 વર્ષની ઉંમરે ઔપચારિક પરિવર્તન આયોજન શરૂ કરવાની ફેડરલ જરૂરિયાતથી મેરીલેન્ડ થોડું અગ્રીમ થયું છે. મેરીલેન્ડને 14 વર્ષની ઉંમરે પરિવર્તન આયોજન શરૂ કરવાની જરૂર છે, જે વિદ્યાર્થીઓને તેમના માધ્યમિક પછીના લક્ષ્યો શોધવા અને પરિવર્તન અનુભવોના આધારે તેમને બદલવા માટે સમય આપે છે.

# કાયદો શું **કહે છે**

## IDEA શું છે?

**વિકલાંગતાથી પીડાતા વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (IDEA) એક ફેડરલ કાયદો છે જે સમગ્ર દેશમાં વિકલાંગ બાળકોને સેવાઓની ખાતરી આપે છે.** IDEA, પરિવર્તન સેવાઓને બાળક માટે "પ્રવૃત્તિઓના સંકલિત સમૂહ" તરીકે વ્યાખ્યાયિત કરે છે જે તેમની સ્કૂલથી સ્કૂલ પછી તરફની ગતિવિધિ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. આ સેવાઓ પરિવર્તન યોગ્ય વિદ્યાર્થીઓને માધ્યમિક પછીના રોજગાર, શિક્ષણ અથવા તાલીમ અને સ્વતંત્ર જીવન માટે તૈયાર કરવા માટે બનાવવામાં આવી છે. આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની રુચિઓ, પસંદગીઓ, શક્તિઓ અને જરૂરિયાતો પર આધારિત છે.

# માતાપિતા અને **વિદ્યાર્થીની સહભાગીતા**

## માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજનમાં માતાપિતાની ભૂમિકા શું છે?

બાળકના માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજનમાં તેના માતાપિતા મહત્વની ભૂમિકા ભજવે છે. અર્થપૂર્ણ રીતે આગળ વધવા માટે જરૂરી યોજનાના વિકાસ માટે તેઓ IEP ટીમને અસરકારક અને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. માતા-પિતા તેમના પરિવર્તન-યોગ્ય બાળકની આગળ વધવા માટેની આયોજન પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવવા, સ્વ-નિર્ધારણ કૌશલ્યો વિકસાવવા અને તેમના ભવિષ્યની જવાબદારી લેવા માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપી શકે છે. માતાપિતા અને શિક્ષકોના સમર્થનથી, વિદ્યાર્થીઓ તેઓને શેમાં રુચિ છે તે શોધે છે અને તેઓના સ્કૂલ પછીના લક્ષ્ય સુધી પહોંચવા માટે જરૂરી કૌશલ્યો અને સ્વતંત્રતામાં વધારો કરે છે. માતાપિતા માટે પ્રક્રિયા વહેલી શરૂ કરવી અને વિદ્યાર્થીનો અભિપ્રાય ગણવામાં આવે તેની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે.



માતાપિતા અથવા વાલી તરીકે, તમે તમારા બાળકને આ રીતે મદદ કરી શકો છો:

- IEP અને પરિવર્તન ટીમ મીટિંગ્સમાં ભાગ લઈને;
- તેમની શક્તિ, રુચિ અને સમર્થનની જરૂરિયાતો શેર કરીને;
- તેમના ધ્યેય અને સેવાઓ માટે વકીલાત કરીને;
- ઉચ્ચ અપેક્ષાઓ રાખીને
- સ્વ-વકીલાત કૌશલ્યોનો અભ્યાસ કરવાની તકો પૂરી પાડીને;
- કૉલેજ, નોકરી કે અને વૃદ્ધો માટેની સેવાઓ જેવા સ્કૂલ પછીના વિકલ્પો વિશે વધુ જાણવા માટે તેમને પ્રોત્સાહિત કરીને;
- સમુદાય પરિવર્તન સહભાગીઓને ઍક્સેસ માટે સહાય આપીને; અને
- માધ્યમિકમાંથી આગળ વધવા માટે સમયરેખાની સમીક્ષા કરીને અને જરૂરિયાત મુજબ સમર્થનની વિનંતી કરીને.

**સ્વ-વકીલાત**
સ્વ-વકીલાત એ પસંદગી કરવાની, સમસ્યાઓ હલ કરવાની, ધ્યેય નક્કી કરવા, વિકલ્પોનું મૂલ્યાંકન કરવાની અને તમારા અધિકારો માટે બોલવાની ક્ષમતા છે. તે તમારા બાળકને તેમની વિકલાંગતા, શક્તિઓ, જરૂરિયાતો અને તેમના માટે શ્રેષ્ઠ સમર્થન અને સમાયોજનને સમજવા વિશે છે. વિદ્યાર્થીઓને સ્વ-વકીલાતના આ ઘટકો શીખવવા જોઈએ અને સ્વ-વકીલાત કૌશલ્યનો અભ્યાસ કરવા માટે તકો અને સમર્થન આપવું જોઈએ કારણ કે તેઓ હાઈ સ્કૂલમાંથી પુખ્ત જીવનમાં આગળ વધે છે.



## માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજનમાં વિદ્યાર્થીની ભૂમિકા શું છે?

આગળ વધવા માટેના આયોજન પ્રક્રિયાના કેન્દ્રમાં વિદ્યાર્થી છે અને IEP ટીમનો સૌથી મહત્વપૂર્ણ સભ્ય છે. વિદ્યાર્થીની મહત્વપૂર્ણ ભૂમિકા સાથે આગળ વધવાની યોજના માટે તેમના ધ્યેયો અને આકાંક્ષાઓ પ્રેરક બળ બનશે. જ્યારે વિદ્યાર્થીઓ તેમના ભવિષ્યના આયોજનમાં સક્રિય રીતે સામેલ હોય છે, ત્યારે તેઓ તેને સફળ બનાવવા વધુ પ્રતિબદ્ધ હોય શકે છે.

વિદ્યાર્થીની ભૂમિકામાં નીચેનાનો સમાવેશ થાય છે:

- આગળ વધવા માટેની પ્રક્રિયામાં ભાગ લેવો;
- IEP મીટિંગમાં ભાગ લેવો;
- તેમના વર્તમાન અને ભાવિ લક્ષ્યોને જણાવવા;
- શક્તિઓ અને પડકારોને ઓળખવા;
- રુચિઓ અને પસંદગીઓની વાતચીત;
- રુચિઓ અને કૌશલ્યો સાથે મેળ ખાતા માધ્યમિક પછીના લક્ષ્યોને ઓળખવા;
- પોર્ટફોલિયો બનાવવો;
- IEP માં ઓળખવામાં આવેલ પરિવર્તન પ્રવૃત્તિઓમાં ભાગ લેવો;
- તેમની વિકલાંગતાની સમજ વિકસાવવી, સમજવું કે તે કેવી રીતે શિક્ષણ, જીવન અને રોજગારને અસર કરે છે; અને
- કાર્ય અનુભવમાં ભાગ લેવો;

**સ્કૂલ પછીની સફળતાની આગાહી કરનાર**
હાઇ સ્કૂલમાં કામના અનુભવોમાં વિદ્યાર્થીઓની સહભાગીતા અને ગ્રેજ્યુએટ થયા પછીની સફળતા વચ્ચે મજબૂત જોડાણ છે. શાળાની ટીમો અને પરિવારો કે જેઓ પડોશીઓ, મિત્રો અને સ્થાનિક વ્યવસાયો સાથે જોડાવામાં સહયોગ કરે છે તેઓ સમુદાયની તકોને વધારે કરે છે અને પરિસ્થિતિ સામાન્ય બનાવે છે.



# માધ્યમિકમાંથી **આગળ વધવા માટેના પગલાં**

## ભવિષ્ય માટે વિદ્યાર્થીની શું દૂરદ્રષ્ટિ છે?

માધ્યમિકમાંથી આગળ વધવા માટે આયોજનનો ધ્યેય વિદ્યાર્થીઓને હાઇ સ્કૂલ પછી તેમના લક્ષ્યોને ઓળખવામાં મદદ કરવાનો છે. તેઓ અભ્યાસ, સેવાઓ અને પ્રવૃત્તિઓ માટેની યોજના બનાવશે જે સ્કૂલમાંથી પુખ્ત જીવનમાં સફળ પરિવર્તનનો અનુભવ કરવાની તકો તરફ દોરી જશે. આ કરવા માટે, IEP ટીમે અંતને ધ્યાનમાં રાખીને શરૂઆત કરવી જોઈએ અને વિદ્યાર્થીને તેમના ભવિષ્ય માટે દૂરદ્રષ્ટિ રાખવા માટે ટેકો આપવો જોઈએ.  વિદ્યાર્થીઓ માટે, ખાસ કરીને માધ્યમિકમાંથી આગળ વધવા માટે આયોજન પ્રક્રિયાની શરૂઆતમાં, હાઇ સ્કૂલ પછીનું જીવન કેવું હશે તેની કલ્પના કરવી ક્યારેક મુશ્કેલ હોય છે. ઘરે અને સ્કૂલમાં વિદ્યાર્થીઓ સાથેની વાતચીત યુવાનોને તેઓ કોણ છે, તેઓ શું પસંદ કરે છે અને શું પસંદ નથી કરતા અને ભવિષ્ય માટે વ્યક્તિગત લક્ષ્યો વિકસાવવામાં મદદ કરી શકે છે.

## પરિવર્તન મૂલ્યાંકન

વય-યોગ્ય પરિવર્તન મૂલ્યાંકનો એ માધ્યમિકમાંથી આગળ વધવા માટે આયોજન પ્રક્રિયાનો પાયો છે અને વિદ્યાર્થીને પોતાના વિશે, તેમની રુચિઓ, પસંદગીઓ અને લક્ષ્યો વિશે શીખવામાં મદદ કરે છે. બહુવિધ વાતાવરણ અને સ્ત્રોતોમાંથી ઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકનો, કુટુંબ અને સમુદાય સહિત, માપી શકાય તેવા માધ્યમિક પછીના લક્ષ્યોને ઓળખવા માટે થાય છે. મૂલ્યાંકન પરિણામો વિદ્યાર્થી, માતા-પિતા અને IEP ટીમના અન્ય સભ્યોને વિદ્યાર્થી હાલમાં કેવું કાર્ય કરી રહ્યા છે અને તેમના લક્ષ્યો સિદ્ધ કરવા માટે જરૂરી કૌશલ્યો અને સેવાઓ વિશેની માહિતી પ્રદાન કરે છે. ડેટાનો ઉપયોગ વ્યાપક IEP અને અર્થપૂર્ણ પરિવર્તન યોજના વિકસાવવા માટે થાય છે જેથી વિદ્યાર્થીઓને તેમના માધ્યમિક પછીના લક્ષ્યો મેળવવામાં મદદ મળે.

## IEP માં પરિવર્તન મૂલ્યાંકનો કેવી રીતે નોંધ કરવામાં આવે છે?

માધ્યમિકમાંથી આગળ વધવા માટે મૂલ્યાંકન પરિણામો IEP ના શૈક્ષણિક સિદ્ધિ અને ક્રિયાત્મક દેખાવનું વર્તમાન સ્તર (પ્રેઝન્ટ લેવલ્સ ઓફ એકેડમિક અચીવમેન્ટ એન્ડ ફંક્શનલ પરફોર્મન્સ, PLAAFP) વિભાગમાં દસ્તાવેજીકૃત કરવામાં આવે છે. પરિવર્તન મૂલ્યાંકનોમાંથી શીખેલી માહિતી વિદ્યાર્થીના IEP ના ચાલુ વિકાસમાં મદદ કરી શકે છે, જેમાં માધ્યમિક પછીના લક્ષ્યો, પરિવર્તન પ્રવૃત્તિઓ, સેવાઓ, વાર્ષિક IEP લક્ષ્યો અને એજન્સી જોડાણો તેમજ પરિવર્તન આયોજન પ્રક્રિયાના આગામી પગલાંનો સમાવેશ થાય છે. મૂલ્યાંકન પરિણામો વિદ્યાર્થી, કુટુંબ અને IEP ટીમને માર્ગદર્શન અને વિકલ્પો પ્રદાન કરે છે.



## માધ્યમિક પછીના લક્ષ્યો

માધ્યમિક પછીના લક્ષ્યો એ માપી શકાય તેવા ધ્યેયો છે જે ઉચ્ચ માધ્યમિક પછીના, શિક્ષણ અથવા તાલીમ અને જો યોગ્ય હોય તો સ્વતંત્ર જીવનના ક્ષેત્રોમાં હાઈ સ્કૂલ પછી તેઓ શું કરશે તેના વિશે વિદ્યાર્થીની દૂરદ્રષ્ટિ ઓળખે છે. IEP ટીમો વાર્ષિક IEP મીટિંગમાં ઓછામાં ઓછા દર વર્ષે વિદ્યાર્થી અને પરિવાર સાથે માધ્યમિક પછીના લક્ષ્યોની ચર્ચા કરે છે. IDEA ને માપી શકાય તેવા માધ્યમિક પછીના રોજગાર લક્ષ્યો જરૂરી છે.





## અભ્યાસનો કોર્સ

અભ્યાસનો કોર્સ એવા તમામ વર્ગો અને સમુદાયના અનુભવોનો સમાવેશ કરે છે, જે વિદ્યાર્થી તેમના માધ્યમિક પછીના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પૂર્ણ કરશે. માધ્યમિક પછીના લક્ષ્યોમાં એ ધ્યાનમાં લેવું જોઈએ કે ગ્રેજ્યુએટ થયા પછી વિદ્યાર્થી ક્યાં કામ કરવા, શીખવા અને જીવવા માંગે છે. વિદ્યાર્થી સાથે કામ કરતા દરેક વ્યક્તિએ વિદ્યાર્થીના માધ્યમિક પછીના લક્ષ્યો સાથે સંરેખિત અભ્યાસનો કોર્સ નક્કી કરવામાં મદદ કરવી મહત્વપૂર્ણ છે. ટીમે અભ્યાસક્રમો અને અનુભવોમાં સહભાગીતાની ખાતરી કરવી જોઈએ જે વિદ્યાર્થીના લક્ષ્યો તરફ પ્રગતિને સમર્થન આપે છે. વિદ્યાર્થીના માધ્યમિક પછીના લક્ષ્યો અને અભ્યાસના કોર્સ વચ્ચેનું જોડાણ સ્પષ્ટ હોવું જોઈએ.

> અભ્યાસ માર્ગ એ વ્યક્તિગત દિશા, અનુભવો અને આલેખીત અભ્યાસક્રમ છે જે વિદ્યાર્થીની શૈક્ષણિક અને કાર્યાત્મક સિદ્ધિઓને તેમના સ્કૂલ પછીના લક્ષ્યોને સમર્થન આપવા માટે રચાયેલ છે.

## પરિવર્તન પ્રવૃત્તિઓ

માધ્યમિકમાંથી પરિવર્તન પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની શૈક્ષણિક અને કાર્યાત્મક કૌશલ્યો સુધારવા માટે તેમને તેમના સ્કૂલ પછીના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે આલેખીત કરવામાં આવી છે. આ પ્રવૃત્તિઓ ખાસ કરીને વિદ્યાર્થી માટે તેમની શક્તિઓ, પસંદગીઓ, રુચિઓ અને જરૂરિયાતોને આધારે આલેખીત કરવામાં આવી છે. તેમાં સૂચના, સંબંધિત સેવાઓ, સમુદાયના અનુભવો, રોજગાર વિકાસ અને સ્વતંત્ર જીવન કૌશલ્ય વિકાસનો સમાવેશ થઈ શકે છે. વિચારશીલ વિકાસ અને પરિવર્તન પ્રવૃત્તિઓના અમલીકરણથી વિદ્યાર્થી તેના લક્ષ્યો નક્કી કરવાથી લઈને તે હાંસલ કરવા માટેના જે પગલાઓ લેશે તે નક્કી થાય છે.

**કારકિર્દી અને તકનીકી શિક્ષણ (કરિયર એન્ડ ટેકનિકલ એજ્યુકેશન, CTE)** માટેના કોર્સથી દરેકને લાભ થાય છે, પરંતુ CTE વિકલાંગ વિદ્યાર્થીઓને ખાસ કરીને મદદ કરે છે. ડેટા સૂચવે છે કે CTE વર્ગોમાં નોંધાયેલા વિકલાંગતાથી પીડાતા વિદ્યાર્થીઓની ગ્રેજ્યુએટ થવાની અને રાજ્યની પ્રાવીણ્યતાના ધ્યેયોને હાંસલ કરવાની શક્યતા વધુ છે. CTE કાર્યક્રમોમાં નોંધાયેલા વિકલાંગતાથી પીડાતા વિદ્યાર્થીઓનો ગ્રેજ્યુએશન દર, CTE કાર્યક્રમોમાં ન નોંધાયેલા તેવા વિકલાંગતાથી પીડાતા વિદ્યાર્થીઓ કરતાં ઊંચો છે.

## વાર્ષકિ IEP લક્ષ્યો

વાર્ષકિ IEP લક્ષ્યો વદ્યિાર્થીઓને તેમના માધ્યમકિ પછીના લક્ષ્યો હાંસલ કરવા માટે જરૂરી જ્ઞાન, કૌશલ્યો અને/અથવા વર્તણૂક વકિસાવવામાં મદદ કરવા માટે બનાવવામાં અને લખવામાં આવે છે. વાર્ષકિ IEP લક્ષ્યો અને પરવિર્તન પ્રવૃત્તઓિ સાથે મળીને વદ્યિાર્થી-કેન્દ્રતિ IEP બનાવવા માટે કાર્ય કરે છે જે અર્થપૂર્ણ માધ્યમકિ પછીના લક્ષ્યોની સદ્ધિતિરફ દોરી જાય છે.



## પુખ્ત વયની ઉંમર

પુખ્ત વય એ કાનૂની ઉંમર છે જયારે વ્યક્તનિ વયસ્ક હોવાના તમામ અધકિારો અને જવાબદારીઓ સાથે પુખ્ત વ્યક્તતિરીકે ગણવામાં આવે છે. મેરીલેન્ડમાં પુખ્ત વય 18 વર્ષની છે. 18 વર્ષની ઉંમર થયાના ઓછામાં ઓછા એક વર્ષ પહેલાં, IDEA ની એ જરૂરયિાત છે કે IEP ટીમ વદ્યિાર્થીને તેમના અધકિારોના તબદીલીની જાણ કરે. જો વદ્યિાર્થી 18 વર્ષની ઉંમરે સંપૂર્ણ નર્ણિય લેવાની જવાબદારી માટે તૈયાર ન હોય, તો અન્ય વકિલ્પો છે, જેમ કે મદદ સાથે નર્ણિય લેવો, જેના વશિે વધુ વચિારી શકાય છે. મેરીલેન્ડમાં, મર્યાદતિ સંજોગો સવિાય વશિેષ શક્ષિણ નર્ણિય લેવાની પ્રક્રયિા વકિલાંગતા ધરાવતા વદ્યિાર્થીને પુખ્ત વયે આપમેળે તબદીલ થતી નથી.

## વાલીપણું વ. મિદદ સાથે નર્ણિય લેવો

વાલીપણું એ એક કાનૂની પ્રક્રયિા છે જ્યાં અન્ય વ્યક્તવિતી નર્ણિયો લેવા માટે કોઈ વ્યક્તઅિથવા એજન્સીની નમિણૂક કોર્ટ કરે છે અને તે વ્યક્તિ માટે કાનૂની રક્ષણનું સૌથી પ્રતબિંધતિ સ્વરૂપ છે. સામાન્ય રીતે, એવા વ્યક્તઓિ જેઓની માનસકિ સ્વાસ્થ્ય, બૌદ્ધકિ અથવા તબીબી વકિલાંગતા એટલી ગંભીર હોય છે કે તેઓ પોતાના માટે જાણકાર નર્ણિયો લઈ શકતા નથી, તેઓ વાલીપણાના માપદંડોને પૂર્ણ કરશે. મેરીલેન્ડમાં, એક નવો કાયદો હવે પુખ્ત વયના લોકોને મદદ સાથે નર્ણિય લેવાની મંજૂરી આપે છે જે તેમને પોતાના માટે સમજવા, વચિારવા અને નર્ણિયો લેવા માટે સહાય કરે છે. મદદ સાથે નર્ણિય લેવા એ વ્યક્તઓિને તેમના અધકિારો જાળવવામાં અને તેમના જીવન પર વધુ નયિંત્રણ અને પસંદગી કરવામાં મદદ કરે છે.





## ગ્રેજ્યુએશન

હાઈ સ્કૂલમાંથી ગ્રેજ્યુએશન કરવું એ દરેક વદ્યિાર્થીના જીવનમાં એક મહત્વપૂર્ણ સીમાચહિ્ન છે. મેરીલેન્ડમાં, જો વદ્યિાર્થી નોંધણી, ક્રેડટિ અને સેવાની આવશ્યકતાઓ પૂર્ણ કરે તો તેઓ મેરીલેન્ડ હાઈ સ્કૂલ ડપ્લિોમા મેળવી શકે છે. વકિલાંગતાથી પીડાતા કોઈ વદ્યિાર્થી જે ડપ્લિોમા માટેની આવશ્યકતાઓને પૂર્ણ કરી શકતો નથી તેમ છતાં જો IEP ટીમ નક્કી કરે કે વદ્યિાર્થી એનોટેટેડ કોડ ઓફ મેરીલેન્ડમાં દર્શાવેલ ધોરણોને પૂર્ણ કરે છે તો તે મેરીલેન્ડ હાઈ સ્કૂલ સર્ટફિકિેટ ઓફ પ્રોગ્રામ કમ્પ્લશિન (કાર્યક્રમ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર) મેળવી શકે છે. વકિલાંગતાથી પીડાતા વદ્યિાર્થીને મેરીલેન્ડ હાઈ સ્કૂલ સર્ટફિકિેટ ઓફ પ્રોગ્રામ કમ્પ્લશિન આપવાનો અંતમિ નર્ણિય વદ્યિાર્થીના હાઈ સ્કૂલના છેલ્લા વર્ષ સુધી લેવામાં આવતો નથી.

## મેરીલેન્ડ સમરી ઓફ પરફોર્મન્સ (MSOP)

મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સ (પ્રદર્શનનો સારાંશ) એ એક અહેવાલ છે જે વદ્યિાર્થી વશિે માહતિી પ્રદાન કરે છે:

- માધ્યમકિ શૈક્ષણકિ સદ્ધિ;
- કાર્યાત્મક કામગીરી;
- અનુકૂલન; અને
- અને માધ્યમકિ પછીના લક્ષ્યો, સેવાઓ અને પ્રવૃત્તઓિ પર પ્રગત.િ



વદ્યિાર્થીઓ, પરવિારો અને IEP ટીમો આ અહેવાલની માહતિીનો ઉપયોગ પ્રગતનિી સમીક્ષા કરવા અને આગળ વધવા માટેની સમગ્ર આયોજન પ્રક્રયાિ દરમયાિન અને જ્યારે વદ્યિાર્થી સ્કૂલમાંથી માધ્યમકિ પછીની પ્રવૃત્તઓિ તરફ જાય છે, ત્યારે નર્ણિયો લેવા માટે કરી શકે છે. MSOP એ સંભવતિ નોકરીદાતાઓ, માધ્યમકિ પછીની શૈક્ષણકિ સંસ્થાઓ અને વયસ્કો માટે સેવા પ્રદાતાઓને, પુખ્ત યુવાનના કૌશલ્યો, શક્તઓિ અને તેમને કદાચ જરૂરી સમર્થન વશિે અર્થપૂર્ણ માહતિી પ્રદાન કરી શકે છે.

# એજન્સી **લકિંજ**

## ઉમેદવારી વ.પાત્રતા- શું તફાવત છે?

મેરીલેન્ડમાં વિશિષ શિક્ષણ સેવાઓ માટે પાત્રતા ધરાવતા વદ્યિાર્થીઓ હાઈ સ્કૂલ ડપ્લિોમા સાથે ગ્રેજ્યુએટ થાય અથવા તેઓ 21 વર્ષના થાય ત્યાં સુધી આ સેવાઓ મેળવવા માટે હકદાર છે, એ શરતે કે સ્કૂલ વર્ષ તેઓના એકવીસમા જન્મદવિસ પહેલા શરૂ થયું હોય. જે તે વ્યક્તએિ હવે વયસ્કો માટેની સેવાઓ માટે અરજી કરવી જોઈએ તે જોવા માટે કે તે પ્રાપ્ત કરવા માટે તેઓ પાત્ર છે કે કેમ.  વયસ્કો માટેની સેવાઓ માટેની પાત્રતા એ ઉમેદવારી નથી અને સેવાઓની ફાળવણીની ખાતરી આપવામાં આવતી નથી. વયસ્કો માટેની સેવા આપતી એજન્સીઓ પાસેથી સેવાઓ અને સમર્થન મેળવવા માટે ભંડોળ ઉપલબ્ધ હોવું આવશ્યક છે.  તેથી, એજન્સીની પાત્રતા નક્કી કરવા માટે અરજી પ્રક્રયિા વહેલી શરૂ કરવી મહત્વપૂર્ણ છે.





## મેરીલેન્ડ વયસ્કો માટેની સેવા આપતી એજન્સીઓ

નીચેનો ચાર્ટ ચાર રાજ્ય એજન્સીઓ જણાવે છે જે મેરીલેન્ડ માં પાત્ર વ્યક્તિઓ માટે સેવાઓ અથવા સમર્થન પ્રદાન કરી શકે છે. દરેક એજન્સી પાસે ચોક્કસ પાત્રતા માપદંડ છે જે સેવાઓ પ્રાપ્ત કરવા માટે મળવા આવશ્યક છે.  યોગ્ય એજન્સીને તેમની સેવાઓ અથવા તેમની પાત્રતા પ્રક્રયિા સંબંધતિ પ્રશ્નો માટે સંપર્ક કરવા વનિંતી.

### પુનર્વસન સેવાઓનો વભિાગ (ડવિીઝન ઑફ રહિબલિટિશન સર્વસિસિ, DORS)

મેરીલેન્ડ પુનર્વસન સેવાઓનો વભિાગ (DORS) એવા પ્રોગ્રામ રજૂ કરે છે જે વકિલાંગતાથી પીડાતા વ્યક્તિઓને કામ પર જવા, નોકરી પર રહેવા અથવા કામકાજી દુનયિા માટે તૈયાર કરવામાં મદદ કરે છે.  DORS એ હાઇ સ્કૂલના વદ્યિાર્થીઓ, કૉલેજના વદ્યિાર્થીઓ અને વદ્યિાર્થીઓને અન્ય માન્ય કાર્યક્રમોમાં કારકર્દિી વષિયક સલાહ, સહાયક તકનીક, વ્યાવસાયકિ તાલીમ અને/અથવા જોબ પ્લેસમેન્ટ સહાયનો સમાવેશ કરી શકે તેવી સેવાઓ પ્રદાન કરીને અથવા તેની યોજના કરીને મદદ કરે છે.

વધારાની માહતિી માટે અહીં મુલાકાત લો: https://dors.maryland.gov/Pages/default.aspx

### વકિાસ સંબંધી વકિલાંગતા વહીવટ (ડેવલપમેન્ટલ ડીસેબીલીટીઝ એડમનિસ્ટ્રિેશન, DDA)

DDA એક સંકલતિ સેવા વતિરણ પ્રણાલી પૂરી પાડે છે જેથી કરીને વકિાસ સંબંધી વકિલાંગતાથી પીડાતા લોકો તેમના સમુદાયમાં સંપૂર્ણ સમાવેશના ધ્યેય તરફ લક્ષી યોગ્ય સેવાઓ મેળવે, જેમાં સંકલતિ સ્પર્ધાત્મક રોજગાર મેળવવા અને જાળવી રાખવાનો સમાવેશ થાય છે. DDA ની સમુદાય-આધારતિ સેવા આપતી પ્રણાલીમાં મેડકિડ (Medicaid) સ્ટેટ પ્લાન, વેવર પ્રોગ્રામ અથવા તો DDA રાજ્ય દ્વારા આર્થકિ સમર્થતિ સેવાઓ વડે પાત્ર લોકોને આપવામાં આવતી વવિધિ ઘર અને સમુદાય-આધારતિ સેવાઓ અને સહાયતાઓનો સમાવેશ થાય છે.

DDA વશિે વધારાની માહતિી માટે: https://dda.health.maryland.gov/Pages/dda.aspx

### વકિાસ સંબંધી વકિલાંગતા વહીવટ (ડેવલપમેન્ટલ ડીસેબીલીટીઝ એડમનિસ્ટ્રિેશન, DDA)

BHA એ મેરીલેન્ડ આરોગ્ય વભિાગ (ડપિાર્ટમેન્ટ ઑફ હેલ્થ, MDH) નો વભિાગ છે જે માનસકિ બમિારી અને/અથવા આલ્કોહોલ અને ડ્રગના ઉપયોગની સમસ્યાઓ ધરાવતા લોકોને સેવા આપે છે. સ્થાનકિ વર્તણૂક સંબંધી વકિલાંગતા વહીવટ (લોકલ બહિવયિરલ એડમનિસ્ટ્રિેશન, LBHA) અથવા મુખ્ય સેવા એજન્સીઓ (કોર સર્વસિ એજન્સીઓ, CSA) તરીકે ઓળખાતી સ્થાનકિ એજન્સીઓ દ્વારા BHA આ પ્રોગ્રામ્સને ભંડોળ પૂરું પાડે છે અને તેને સંચાલતિ કરે છે, પરંતુ તે આના સુધી મર્યાદતિ નથી: માનસકિ ઇનપેશન્ટ સંભાળ, રેસડિન્શયિલ સારવાર, નયિમતિ અને સઘન આઉટપેશન્ટ દર્દીઓની સંભાળ, કટોકટી સેવાઓ, પુનર્વસન સેવાઓ, કૌટુંબકિ સમર્થન, માનસકિ બીમારી ધરાવતા લોકો માટે સહાયક આવાસ અને સહાયક રોજગાર. કેટલાક પ્રદેશોમાં ખાસ કરીને પરવિર્તન-યોગ્ય યુવાનો માટેના કાર્યક્રમો ઉપલબ્ધ છે.

BHA વશિે વધારાની માહતિી માટે: https://bha.health.maryland.gov/pages/index.aspx

### ઑફસિ ઑફ વર્કફોર્સ ડેવલપમેન્ટ એન્ડ એડલ્ટ લર્નગિ, મેરીલેન્ડ ડપિાર્ટમેન્ટ ઑફ લેબર (મેરીલેન્ડ લેબર)

મેરીલેન્ડ ડપિાર્ટમેન્ટ ઑફ લેબર ઑફસિ ઑફ વર્કફોર્સ ડેવલપમેન્ટ યુથ સર્વસિ ડવિઝિન યુવા લોકોને શૈક્ષણકિ અને રોજગાર લક્ષ્યો હાંસલ કરવામાં મદદ કરવા માટે કાર્યક્રમો અને સેવાઓ પ્રદાન કરે છે. મેરીલેન્ડ લેબર સ્થાનકિ અમેરકિાના જોબ સેન્ટર્સ અને વર્કફોર્સ ઇન્વેસ્ટમેન્ટ બોર્ડ દ્વારા, મેરીલેન્ડ લેબર કારકર્દિી પરામર્શ, તાલીમ, કમ્પ્યુટર ઍક્સેસ અને અન્ય સહાયક સેવાઓ પ્રદાન કરે છે. અમેરકિન રોજગાર કેન્દ્રો સાથે મળીને મેરીલેન્ડ લેબર એ રોજગાર સેવાઓની વશિાળ શ્રેણી પૂરી પાડે છે અને વર્કફોર્સ ઇનોવેશન એન્ડ ઓપોર્ચ્યુનટિી એક્ટ (WIOA) ના ભંડોળ દ્વારા ગ્રાહકોને કામ સંબંધતિ તાલીમ અને શક્ષિણની તકો સાથે જોડે છે.

મેરીલેન્ડ લેબર વશિે વધુ માહતિી માટે http://labor.maryland.gov

# **માધ્યમિકમાંથી પરીવર્તનની** સમયરેખા

## ઉંમર 14 – 15

નીચેનાનો વિચાર કરીને પરિવારો તેમના વિદ્યાર્થીને હાઈ સ્કૂલ પછીના જીવન માટે તૈયાર કરી શકે છે:

- ઉચ્ચ અપેક્ષાઓ નક્કી કરો અને જાળવી રાખો
- તમારા વિદ્યાર્થી સાથે પરિવર્તન મૂલ્યાંકનોના પરિણામોની ચર્ચા કરો
- માધ્યમિક પછીના લક્ષ્યો અને વિકલ્પોની ચર્ચા કરો
- તમારા વિદ્યાર્થીની શક્તિઓ અને તેમના લક્ષ્યોને હાંસલ કરવાની જરૂરિયાતો શેર કરો
- ભવિષ્ય માટે પરિવારની દૂરદ્રષ્ટિ વિશે ઇનપુટ પ્રદાન કરો
- કારકિર્દીની રુચિઓ શોધવાની તકો પ્રદાન કરો
- સ્વ-વકીલાત, સમય વ્યવસ્થાપન અને નિર્ણય લેવાની કૌશલ્યોનો અભ્યાસ કરવાની તકો પ્રદાન કરો
- પરિવર્તન સંબંધિત વર્કશોપ, IEP મીટિંગ્સ અને કોન્ફરન્સમાં હાજરી આપો
- તમારા વિદ્યાર્થીને તેમની IEP મીટિંગ્સમાં હાજરી આપવા અને ભાગ લેવા માટે તૈયાર કરો
- રોજગાર, શિક્ષણ અને મનોરંજનના વાતાવરણ માટે વાતચીત અને સામાજિક કૌશલ્યો વિકસાવવા અને પ્રેક્ટિસ કરવામાં સહાય કરો
- પરિવર્તન -સંબંધિત સેવાઓ અને પ્રવૃત્તિઓનો રેકોર્ડ રાખો
- તમારા વિદ્યાર્થીની વિકલાંગતા, અધિકારો અને જવાબદારીઓને સમજો
- તમારા વિદ્યાર્થીને તેમની વિકલાંગતા અને તેમની શક્તિઓને સમજવામાં માર્ગદર્શન આપો
- માર્ગદર્શિત નિર્ણય લેવાની તકો પ્રદાન કરો
- તમારા વિદ્યાર્થી અને IEP ટીમ સાથે પૂર્વ-રોજગાર પરિવર્તન સેવાઓ (પ્રી-એમ્પ્લોયમેન્ટ ટ્રાન્ટ્રાન્ઝિશિનવિસિસિ, PreETS)ની ચર્ચા કરો
- સેવાઓ માટેની પાત્રતા નક્કી કરવા માટે DDA ને અરજી કરો

## ઉંમર 16 - 17

આ વય-બેન્ડ માટે વધુ વિચારણાઓમાં આ શામેલ હોઈ શકે છે:

- હાજરી, ગ્રેડ અને સમુદાય સેવા આવશ્યકતાઓ સહિત ગ્રેજ્યુએશનની જરૂરિયાતો અને પ્રગતિની સમીક્ષા કરો
- સહાયક તકનીકી સાધનોને ઓળખો જે શિક્ષણના અનુભવો, રોજગારીની તકો અને સમુદાયનો સમાવેશ વધારી શકે
- સમુદાય સેવાઓ અને કાર્યક્રમો ઓળખો
- હાઈ સ્કૂલમાં અને ગ્રેજ્યુએટ થયા પછી સેવાઓ માટેની પાત્રતા વિશે જાણવા માટે સમુદાય એજન્સીઓ સાથે વાત કરો
- માધ્યમિક પછીના પ્રોગ્રામ્સ અને સહાયક સેવાઓ વિશે માહિતી એકત્રિત કરો
- સેવાઓ પ્રદાન કરી શકે તેવી એજન્સીઓ સાથે વાતચીત કરવા માટે IEP ટીમ સાથે સંમતિપત્ર સહી કરો
- તમારા વિદ્યાર્થીને કામની તકો શોધવામાં અને તેમાં ભાગ લેવામાં સહાય કરો
- તમારા વિદ્યાર્થી સાથે પુખ્ત વય વિશે ચર્ચા કરો
- વાલીપણુ અને સમર્થિત નિર્ણય લેવાનું અન્વેષણ કરો
- ગ્રેજ્યુએશન પછી પરિવહન વિકલ્પોની ચર્ચા કરો
- નાણાં વ્યવસ્થાપન, સ્વસ્થ જીવન અને સ્વ-સંભાળ જેવા સ્વતંત્ર કૌશલ્યોને પ્રોત્સાહિત કરો અને તેનો અભ્યાસ કરો
- ગ્રેજ્યુએટ થયા પછી શિક્ષણ કેવી રીતે ચાલુ રહેશે તેની ચર્ચા કરો
- મેરીલેન્ડ સમરી ઓફ પરફોર્મન્સ (પ્રદર્શનનો સારાંશ) અને તમારા વિદ્યાર્થીની તેમના લક્ષ્યો તરફની પ્રગતિની સમીક્ષા કરો
- DORS, BHA અને MDL ને યોગ્ય રીતે અને જ્યારે પાત્ર હોય ત્યારે અરજી કરો

## ઉંમર 17 - 18

આ વય-બેન્ડ માટે વધુ વિચારણાઓમાં આ શામેલ હોઈ શકે છે:

- ગ્રેજ્યુએશન તરફની પ્રગતિની ચર્ચા કરો
- મત આપવા માટે ક્યારે નોંધણી કરવી તેની ચર્ચા કરો અને જો પુરુષ હોવ, તો સેલેક્ટિવ સર્વિસ માટે નોંધણી કરો
- વયસ્કો માટેની સેવાઓ મેળવવા માટે માર્ગદર્શન અને સહાય
- તમારા વિદ્યાર્થીને નિર્ણયો લેવા, જવાબદારી લેવા અને તેમની ભૂલોમાંથી શીખવા દો
- ઇન્ટર્નશિપ્સ, એપ્રેન્ટિસશિપ્સ અને કારકિર્દી અને તકનીકી શિક્ષણ કાર્યક્રમો જેવી કાર્ય-આધારિત શીખવાની તકોમાં ભાગીદારીની ચર્ચા કરો
- એજન્સી રેફરલ્સ અને વયસ્કો માટે સેવાઓની અરજીઓનું ફોલો-અપ
- સામાજિક સુરક્ષા અને પૂરક સુરક્ષા આવક (સોશિયલ સિક્યુરિટી ઈનકમ, SSI), ઉચ્ચ શિક્ષણ અથવા તકનીકી સ્કૂલ સહાય સેવાઓ અને નાણાકીય સહાય જેવા સમર્થન અને લાભોની ચર્ચા કરવા માટે એક મીટિંગ ગોઠવો
- IEP મીટિંગમાં ગ્રેજ્યુએશન પછી સેવાઓ પ્રદાન કરી શકે તેવી એજન્સીઓને આમંત્રિત કરવા માટે સંમતિપત્ર સહી કરો
- તમારા વિદ્યાર્થી સાથે માધ્યમિક પછીની સ્કૂલોની મુલાકાત લો
- જો યોગ્ય હોય તો, ફેડરલ વિદ્યાર્થી સહાય માટે વિનામૂલ્યે અરજી (ફ્રી એપ્લિકેશન ફોર ફેડરલ સ્ટુડન્ટ એડ, FAFSA) પૂર્ણ કરો
- સ્કૂલ પછીની સેવાઓની ચર્ચા કરવા અને આયોજન કરવા માટે DORS સલાહકાર સાથે મળો
- તમારા વિદ્યાર્થીની મેરીલેન્ડ સમરી ઓફ પરફોર્મન્સની સમીક્ષા કરો અને અંતિમ નકલ મેળવો
- માધ્યમિક પછીની કોલેજો અને રોજગાર માટેની અરજીઓ પૂર્ણ કરવામાં તમારા વિદ્યાર્થીને માર્ગદર્શન આપો
- જો યોગ્ય હોય તો તમારા વિદ્યાર્થીને કૉલેજ અને સશસ્ત્ર સેવાઓની પરીક્ષાઓ માટે નોંધણી કરાવવા પ્રોત્સાહિત કરો
- DORS, BHA અને MDL ને યોગ્ય રીતે અને જ્યારે પાત્ર હોય ત્યારે અરજી કરો

## ઉંમર 18 – 21

આ વય-બેન્ડ માટે વધુ વિચારણાઓમાં આ શામેલ હોઈ શકે છે:

- કૉલેજ કેમ્પસ જેવા વય-યોગ્ય વાતાવરણમાં હાઇ સ્કૂલ પરિવર્તન કાર્યક્રમોની ચર્ચા કરવા IEP ટીમ સાથે મળો
- સ્કૂલ પછીના લક્ષ્યોની સિદ્ધિને સમર્થન આપતા વર્ગોમાં નોંધણી અને સર્વસમાવેશક સહભાગીતાને પ્રોત્સાહિત કરો
- સામુદાયિક કાર્ય અને શીખવાના અનુભવોમાં સહભાગીતાને સમર્થન આપો
- પરિવહન વિકલ્પો શીખવા અને પ્રેક્ટિસ કરવાની તકો પ્રદાન કરો
- હાઇ સ્કૂલ પછી જરૂરી સહાય વિશે જાણો
- વયસ્કો માટે સેવાઓની યોગ્યતા ચકાસો
- વયસ્કો માટે સેવાઓમાં પરિવર્તનમાં મદદ કરવા માટે DDA ના કોઓર્ડિનેશન ઓફ કૉમ્યુનિટી સર્વિસીસને મળો
- SSI, તબીબી સહાય અને પેરાટ્રાન્સિટ સેવાઓ માટે અરજી કરવામાં તમારા વિદ્યાર્થીને સમર્થન આપો
- જો યોગ્ય હોય તો, IEP ટીમ સાથે 2024 સ્કૂલ વર્ષમાં શરૂ થતા મેરીલેન્ડ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કમ્પ્લીશનના સમર્થનની ચર્ચા કરો
- DORS, BHA અને MDL ને યોગ્ય રીતે અને જ્યારે પાત્ર હોય ત્યારે અરજી કરો



# ટોચની10 વસ્તુઓ

## માતા-પતિા તેમના બાળકને **માધ્યમકિમાંથી આગળ વધવા માટેના આયોજનની તૈયારીમાં મદદ કરી શકે છે**

1 તમારા યુવાઓની વકિલાંગતાને સમજો. તમે તમારા યુવાનો વશિે જાણતા હશો, પરંતુ શું તમે જાણો છો કે તમારા યુવાનની વકિલાંગતા ખાસ કરીને તેના શક્ષિણ, વાતચીત અથવા પરવિહનના ક્ષેત્રોમાં કેવી રીતે અસર કરે છે? આગળ વધવા માટેના આયોજન દરમયિાન, તમારા યુવાનની વકિલાંગતા અને તે માધ્યમકિ પછીના શક્ષિણ, રોજગાર અથવા સ્વતંત્ર જીવન નર્વિાહને કેવી રીતે અસર કરી શકે છે તે વધુ સારી રીતે સમજવાનો પ્રયાસ કરો.

2 તમારા યુવાનોને તેની ભવષ્યિની દૂર દ્રષ્ટનિક્કી કરવા માટે પ્રોત્સાહતિ કરો. તમારા યુવાનો આ દૂર દ્રષ્ટનિ ઓળખે અને તેને અનુભવોના આધારે વસ્તિારીત કરી શકે તેના વકિલ્પો શોધવામાં મદદ કરો. આ તમારા યુવાનોને આયોજન પ્રક્રયિાની જવાબદારી લેવાની ક્ષમતા આપશે અને જરૂર પડતા માર્ગ બદલવાની સ્વતંત્રતા આપશે.

3 તમારા યુવાનોને તે સમજવામાં મદદ કરો કે તેમની દૂરદ્રષ્ટનિ સાકાર કરી શકાય છે. પોતાની પાસેથી શું અપેક્ષા રાખવી તે અંગે યુવાનો, માતાપતિ પાસેથી અભપ્રિાયો લે છે. તમારા યુવાનોમાં એ પ્રમાણતિ કરો કે IEP પરવિર્તન યોજના એ તેમની દૂરદ્રષ્ટનિ સાકાર કરવામાં અને તેમના લક્ષ્યો સુધી પહોંચવાનો માર્ગ છે.

4 તમારા યુવાનો માટે ઉચ્ચ અપેક્ષાઓનો વશ્વિાસ કેળવો. તમને ઉચ્ચ અપેક્ષાઓ હોઈ શકે છે કે તમારા યુવાન તેની મહત્તમ ક્ષમતા સુધી મેળવી શકે. તમારે IEP અને પરવિર્તન યોજનાની વકીલાત કરવાની જરૂર છે જે આવી અપેક્ષાઓને પ્રતબિંબિતિ કરે છે. જો તમે તમારા યુવાનોના ભવષ્યિ માટે ઓછી અપેક્ષાઓ વ્યક્ત કરો છો, તો અન્ય લોકો પણ એવું જ કરી શકે છે.

5 IEP મીટગિ્સ દરમયિાન યુવાઓની શક્તઓિ, રુચઓિ અને જરૂરયિાતો વશિે વાતચીત કરીને, તમે તેમના શું જાણો છો તે શેર કરો. માતા-પતિા તરફથી મળતી આ પ્રકારની માહતિીને શક્ષિકો મહત્ત્વ આપે છે કારણ કે મૂલ્યાંકનો અને સ્કૂલ અવલોકનો આ વગિતો પ્રદાન નથી કરતી તે પ્રદાન કરવામાં મદદ કરે છે. આ માહતિીથી IEP ટીમને એવી શૈક્ષણકિ અને સેવાઓના નર્ણિયોને ટાળવામાં પણ મદદ કરી શકે છે જે વદ્યિાર્થીના હતિ અથવા જરૂરયિાતના ક્ષેત્રોને સંબોધતા નથી.



6 તમારા યુવાનના શિક્ષણ દરમ્યાન આવશ્યક શિક્ષણ રેકોર્ડ રાખો. માતાપિતાએ વિશેષ શિક્ષણ આયોજનના ઉપયોગ માટે વ્યવસ્થિત રીતે મહત્વપૂર્ણ રેકોર્ડ સાચવવા જોઈએ, જેમ કે રિપોર્ટ કાર્ડ્સ, વર્તમાન અને ભૂતકાળના IEP દસ્તાવેજો અને મૂલ્યાંકન સારાંશ રિપોર્ટ.

7 IEP પ્રક્રિયાનો ઉપયોગ કરીને તમારા યુવાનોમાં આત્મવિશ્વાસ અને સ્વ-નિર્ધારણ કેળવો. પોતાને અભિવ્યક્ત કરવાની અસરકારક રીત શોધવામાં તેમને મદદ કરો. તેઓ IEP મીટિંગમાં બોલી શકે છે અથવા પાવરપોઈન્ટ અથવા પોતાના વિશે વિડિયો બનાવી શકે છે.

8 તમારા યુવાનોને શિક્ષણ, અભ્યાસ અને જીવન કૌશલ્યોમાં સ્વતંત્રતા વિકસાવવામાં મદદ કરો. સકારાત્મક લક્ષણો, જેમ કે નવી વસ્તુઓ શીખવા માટે ઉત્સુક હોવું, સમયનું અસરકારક રીતે સંચાલન કરવું અને સારી નોકરી કરવા માટેની જવાબદારી લેવી એ રોજગાર, માધ્યમિક પછીના શિક્ષણ અને સમુદાય સહભાગીતાની બાબતોમાં યુવાનોને ખરી મદદ આપશે.

9 રોજગાર અને શૈક્ષણિક સફળતા પર "સોફ્ટ સ્કિલ" ના પ્રભાવને સમજો અને તે કૌશલ્યો કેળવવા ઘરમાં પ્રવૃત્તિઓનો ઉપયોગ કરો. સોફ્ટ સ્કિલ, વ્યક્તિગત વાતચીત અને જવાબદારી એ સાધનો છે જે દરેકને સફળ થવા માટે જરૂરી છે. તમારા યુવાનોને શીખવો કે કેવી રીતે અન્ય લોકો સાથે યોગ્ય રીતે વાતચીત કરવી, વ્યક્તિગત દેખાવ જાળવવો, કાર્ય દિશા કેવી રીતે લેવી અને સંઘર્ષને કેવી રીતે ઉકેલવો.

10 તમારા યુવાનો માટે સંભવિત સમુદાય સમર્થન અને કાર્ય તકોને ઓળખવામાં મદદ કરો. આમાં પુનર્વસન સેવાઓના વિભાગ તરફથી રોજગાર સહાય, કૉલેજના વિદ્યાર્થી વિકલાંગતા સેવા કાર્યાલય દ્વારા મેળવેલ માધ્યમિક પછીના શિક્ષણ સહાય અથવા સમુદાય-આધારિત સંસ્થા દ્વારા શીખવવામાં આવતી સ્વતંત્ર જીવન કૌશલ્યોનો સમાવેશ થઈ શકે છે. માતાપિતાએ ઉપલબ્ધ વિકલ્પોથી પરિચિત થવું જોઈએ અને આ સેવાઓના પ્રતિનિધિઓને IEP મીટિંગમાં હાજર રહેવા, અથવા ટીમ માટે માહિતી પ્રદાન કરવા માટે કહેવું જોઈએ.

*PACER માંથી અનુકૂલિત "એ ગાઈડ ટુ પ્રીપેર યોર ચાઈલ્ડ વિથ એ ડિસેબિલિટી ફોર લાઈફ બિયોન્ડ હાઈ સ્કૂલ."

# સંસાધનો

**ગોટ ટ્રાન્ઝિશન**

www.gottransition.org/

ગોટ ટ્રાન્ઝિશન એ બાળરોગ નિષ્ણાંતથી પુખ્ત આરોગ્ય સંભાળમાં પરિવર્તનને સુધારવાના ધ્યેય સાથે આરોગ્ય સંભાળ પરિવર્તન પર ફેડરલ ફંડેડ રાષ્ટ્રીય સંસાધન કેન્દ્ર છે. પુખ્ત વયના લોકો, પરિવારો અને સંભાળ રાખનારાઓ માટે સાધનો, સંસાધનો અને માહિતીનો સમાવેશ પુખ્ત આરોગ્ય સંભાળમાં સરળ પરિવર્તનની તૈયારી માટે કરવામાં આવે છે.

**મેરીલેન્ડ વિકાસલક્ષી વિકલાંગ પરિષદ (મેરીલેન્ડ ડેવલપમેન્ટલ ડીસેબિલિટીસ કાઉન્સિલ): મદદ દ્વારા નિર્ણય લેવો**

www.md-council.org/did-you-know-a-new-supported-decision-making-bill-just-passed-in-maryland/

આ લેખ મેરીલેન્ડ મદદ દ્વારા નિર્ણય લેવાના કાયદાને સમજાવવા માટે સાદી ભાષાનો ઉપયોગ કરે છે જે પુખ્ત વયના લોકોને વયસ્કોનું સમર્થન પ્રાપ્ત કરવા માટે સમર્થિત-નિર્ણય ને ઉપયોગ કરવાની અને તેમના પોતાના નિર્ણયો લેવાની મંજૂરી આપે છે.

**મેરીલેન્ડ MTA ડિસેબિલિટી રિડ્યુસ્ડ ફેર પ્રોગ્રામ**

www.mta.maryland.gov/disability-reduced-fare-program

મેરીલેન્ડ ટ્રાન્ઝિટ એડમિનિસ્ટ્રેશન (MTA) ડિસેબિલિટી રિડ્યુસ્ડ ફેર પ્રોગ્રામની પાત્રતા સમજાવવામાં આવી છે. ફોર્મના પૃષ્ઠ રિડ્યુસ્ડ ફેર પર ઓનલાઈન અરજી જોવા મળે છે.

**મેરીલેન્ડ MTA મોબિલિટીલિંક**

www.mta.maryland.gov/mobility

MTA મોબિલિટીલિંક એ વિકલાંગ વ્યક્તિઓ માટેનો પેરાટ્રાન્સિટ પ્રોગ્રામ છે જેઓ MTA નિશ્ચિત માર્ગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં અસમર્થ છે.  અરજી પૂર્ણ કરવા માટેની લિંક અને પેરાટ્રાન્સિટ સેવાઓ માટેની માર્ગદર્શિકા શામેલ છે.

**મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ વિકલાંગતાથી પીડાતા વ્યક્તિઓ માટે માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજનની માર્ગદર્શિકા**

elevates.marylandpublicschools.org/secondary-transition-planning-guide/

આ માર્ગદર્શિકા વિદ્યાર્થીઓ, માતાપિતા/વાલીઓ, શિક્ષકો અને સમુદાય એજન્સીઓને માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજન પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડે છે. માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજનના ઘટકોને લગતી કાનૂની જરૂરિયાતો, વ્યૂહરચનાઓ અને સંસાધનો શામેલ છે. માર્ગદર્શિકાને ઍક્સેસ કરવા માટે 20 વધારાની ભાષાઓમાં એક લિંક શામેલ છે.

**માધ્યમિક શિક્ષણ અને પરિવર્તન પર રાષ્ટ્રીય કેન્દ્ર**

www.ncset.org/

માધ્યમિક શિક્ષણ અને પરિવર્તન માટે રાષ્ટ્રીય કેન્દ્ર (નેશનલ સેંટર ઓન સેકન્ડરી એડ્યુકેશન એન્ડ ટ્રાન્સીશન, NCSET) ની સ્થાપના વિકલાંગતાથી પીડાતા યુવાનો માટે સફળ પુખ્ત પરિણામો મેળવવાની તકો ઊભી કરવા માટે કરવામાં આવી હતી. વેબસાઈટ શિક્ષકો, પરિવારો અને વિદ્યાર્થીઓ માટે માધ્યમિકમાંથી આગળ વધવા માટેના આયોજન વિષયોને સમર્થન આપવા માટે સંસાધનો પ્રદાન કરે છે.



**નેશનલ કોલાબોરેટવિ ઓન વર્કફોર્સ એન્ડ ડસિબિલિટી**

youth.gov/federal-links/national-collaborative-workforce-and-disability

આ વેબસાઈટ એવા વષિયો વશિે માહતિીનો સ્ત્રોત છે, જે વદ્યિાર્થીના પુખ્ત જીવનનાં પરવિર્તન સંબંધતિ અને પરવિારો અને યુવાન વયસ્કો વારંવાર સામનો કરતા પડકારો ને લગતા હોય છે. પરવિર્તન યોગ્ય યુવાનોના વદ્યિાર્થીઓ અને પરવિારોને સમર્થન આપવા માટે વકિલાંગતાથી પીડાતા યુવાનો માટે વશિષ્ટિ વષિયોની વવિધિ લકિ્સ શામેલ છે.

**રાષ્ટ્રીય માધ્યમકિ પરવિર્તન તકનીકી સહાય કેન્દ્ર**

www.nsttac.org

વેબસાઈટ માધ્યમકિમાંથી આગળ વધવા માટેના તમામ ક્ષેત્રોમાં શોધખોળ કરતા શક્ષિકો, માતાપતિા અને વદ્યિાર્થીઓ માટે સાધનો અને સંસાધનો પ્રદાન કરે છે. આગળ વધવા માટેના આયોજનને સમર્થન આપવા માટે ઈન્ટરેક્ટવિ લકિ્સ શામેલ છે.

**PACER સેન્ટર નેશનલ પેરેન્ટ સેન્ટર ઓન ટ્રાન્ઝશિન એન્ડ એમ્પ્લોયમેન્ટ**

www.pacer.org/tatra

PACER સેન્ટર 14 થી 21 વર્ષની વયના વકિલાંગતાથી પીડાતા યુવાન વયસ્કોના માતાપતિાને પરવિર્તન-સંબંધતિ વષિયો પર માહતિી, સંસાધનો અને તકનીકી સહાય પૂરી પાડે છે.  આ ઉપયોગમાં સરળ વેબસાઈટ પેરેન્ટ લેન્સમાંથી પ્રશ્નો અને ચતિાઓને સંબોધવા માટે માતા-પતિા દ્વારા બનાવવામાં આવેલ સંસાધનો અને સૂચનાઓ પ્રદાન કરે છે.

**થકિ કોલેજ**

www.thinkcollege.net

થકિ કોલેજ એ એક રાષ્ટ્રીય સંસ્થા છે જે બૌદ્ધકિ વકિલાંગતાથી પીડાતા વદ્યિાર્થીઓ માટે ઉચ્ચ શક્ષિણ સહતિના વકિલ્પો વકિસાવવા, વસ્તિરણ કરવા અને સુધારવા માટે સમર્પતિ છે. વેબસાઈટ વદ્યિાર્થીઓ અને પરવિારોને કૉલેજના વકિલ્પો, કૉલેજ માટે તૈયારી કેવી રીતે કરવી અને પ્રવેશ પ્રક્રયિા સંબંધતિ પ્રશ્નોના જવાબ આપવા માટે માહતિી પૂરી પાડે છે.

# માધ્યમકિ માટે શબ્દકોશ
# **શબ્દાવલ**િ

**રહેઠાણ**
વદ્યિાર્થીની વકિલાંગતા સંબંધતિ સેવા અથવા સમર્થન કે જે કાર્યના પ્રમાણભૂત અથવા અપેક્ષામાં મૂળભૂત ફેરફારની જરૂર વગર સંપૂર્ણ ઍક્સેસ અને જ્ઞાનના ચોક્કસ પ્રદર્શનની મંજૂરી આપે છે.

**વયસ્કો માટેની સેવાઓ**
લોકો માટે જરૂરી સેવાઓ જ્યારે તેઓ પુખ્ત વયે પહોંચે ત્યારે; મોટેભાગે, નોકરી શોધવામાં સહાય, ઘરમાં સહાય, કામ પર સહાય, રોજગાર-સંબંધતિ સમર્થન જેમ કે આવાસ અને પરવિહન, અને વવિધિ ઉપચાર અથવા દવાઓની ડલિવિરીનો સમાવેશ થાય છે, પરંતુ તેના સુધી મર્યાદતિ નથી.

**વય-યોગ્ય પરવિર્તન મૂલ્યાંકન**
વદ્યિાર્થીની જરૂરયિાતો, પસંદગીઓ અને રુચઓિ પર ડેટા એકત્રતિ કરવાની ચાલતી પ્રક્રયિા, વર્તમાન અને ભાવકિાર્ય, શક્ષિણ, જીવનનર્વિાહ અને વ્યક્તગિત અને સામાજકિ વાતાવરણની માંગ સાથે સંબંધતિ છે.

**પુખ્ત વયની ઉંમર**
કાયદેસર રીતે વ્યાખ્યાયતિ વય કે જેમાં વ્યક્તનિ પુખ્ત વયના તમામ અધકિારો અને જવાબદારીઓ સાથે પુખ્ત ગણવામાં આવે છે. મેરીલેન્ડમાં આ વય 18 વર્ષ છે.

**અમેરકિન વકિલાંગતા અધનિયિમ સાથે(ADA)**
ફેડરલ વકિલાંગતા ભેદભાવ વરિોધી કાયદો જે વકિલાંગતાથી પીડાતા લોકોને મૂળભૂત નાગરકિ અધકિારોની ખાતરી આપે છે. આ તેને સમાન છે, જે વ્યક્તઓિને જાત,િ લગિ, રાષ્ટ્રીય મૂળ અને ધર્મના આધારે આપવામાં કરવામાં આવે છે . તે રોજગાર, પરવિહન, સરકારી સેવાઓ વગેરેના ક્ષેત્રોમાં વકિલાંગતાથી પીડાતા વ્યક્તઓિ માટે સમાન તકોની ખાતરી આપે છે.

**એપ્રેન્ટસિશપિ મેરીલેન્ડ**
એપ્રેન્ટસિશપિ મેરીલેન્ડ એ 16 વર્ષ અને તેથી વધુ ઉંમરના વદ્યિાર્થીઓ માટે યુવા એપ્રેન્ટસિશપિ કાર્યક્રમ છે. તે મેન્યુફેક્ચરગિ અને સાયન્સ, ટેક્નોલોજી, એન્જનિયિરગિ અને મેથેમેટક્સિ (STEM) વ્યવસાયો અથવા CTE કારકર્દિી સમૂહમાં આવતા અન્ય વ્યવસાયોમાં કારકર્દિીના માર્ગો પર આધારતિ ટકાઉ રોજગાર અને સ્કૂલ પછીના શક્ષિણ તરફ દોરી જવા માટે બનાવવામાં આવેલ છે.

**સહાયક તકનીકી (આસ્સીસ્ટવિ ટેકનોલોજી, AT) ઉપકરણ**
એવી કોઈપણ વસ્તુ, સાધનસામગ્રીનો ટુકડો અથવા ઉત્પાદન પ્રણાલી, પછી ભલે તે વાણજ્યિક રીતે હસ્તગત કરવામાં આવેલ હોય, ફેરફાર કરેલ અથવા કસ્ટમાઇઝ કરેલ હોય, જે વકિલાંગતાથી પીડાતા વ્યક્તઓિની કાર્યાત્મક ક્ષમતાઓને વધારે છે, જાળવી રાખે છે અથવા સુધારે છે.

**કારકર્દિી અને તકનીકી શક્ષિણ (કેરયિર એન્ડ ટેક્નકિલ એડયુકેશન, CTE)**
અભ્યાસ કોર્સનો ક્રમ જે વદ્યિાર્થીઓને શૈક્ષણકિ અને ટેકનકિલ કૌશલ્યો, જ્ઞાન અને ભવષ્યિની કારકર્દિીમાં સફળ થવા અને સંબંધતિ ટેકનકિલ જ્ઞાન અને કૌશલ્યોમાં નપિુણ બનવા માટે જરૂરી તાલીમ પ્રદાન કરે છે.

**કારકર્દિી માટે સંશોધન**
એ પ્રક્રયિા જે દરમયિાન વકિલાંગતાથી પીડાતા વદ્યિાર્થીઓ કારકર્દિીના વકિલ્પોની શોધ કરે છે અને વવિધિ મૂલ્યાંકનો અને પ્રવૃત્તઓિમાં ભાગ લે છે જે વદ્યિાર્થીઓને તેમની વશિષ્ટિ રુચઓિ, કૌશલ્યો અને પ્રતભિાઓને ઓળખવામાં મદદ કરી શકે છે.

**સમુદાય-આધારતિ સૂચના**
વદ્યિાર્થીઓને તેમના શૈક્ષણકિ અભ્યાસક્રમ અને સૂચનાના ભાગરૂપે તેમના સમુદાયમાં સંકલતિ કરે છે.

**સમુદાય-આધારતિ સેવાઓ**
સામુદાયકિ સેટગિમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ, પ્રાધાન્યમાં વ્યક્તનિા ઘર સમુદાયમાં.

**સ્પર્ધાત્મક રોજગાર**
હાઈ સ્કૂલ છોડ્યા પછી ઓછામાં ઓછા લઘુત્તમ વેતન અથવા સમકક્ષ ચુકવણી માટે સંપૂર્ણ અથવા અંશકાલિક કામ કરવું: (a) એક સંકલિત સ્પર્ધાત્મક રોજગાર વાતાવરણમાં (b) સૈન્યમાં (c) સમુદાય-આધારિત સમર્થિત રોજગાર વાતાવરણમાં (d) કૌટુંબિક વ્યવસાયમાં (દા.ત., ખેતર) (e) સ્વ-રોજગારીમાં.

**અભ્યાસ માર્ગ**
વિદ્યાર્થીના ઇચ્છિત સ્કૂલ પછીના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે જરૂરી અભ્યાસક્રમનું બહુ-વર્ષીય વર્ણન.

**દૈનિક જીવનના કૌશલ્યો**
દૈનિક દિનચર્યાઓ માટે જરૂરી કૌશલ્યો; એટલે કે, ખાવું, કપડાં પહેરવા, કપડાં ધોવા, સ્વચ્છતાની કાળજી લેવી, શૌચક્રિયા.

**કાર્યાત્મક જીવન કૌશલ્યો**
શક્ય તેટલી સ્વતંત્ર રીતે જીવવા માટે જરૂરી કૌશલ્યો. ઉદાહરણોમાં સામાજિક કૌશલ્યો, વાતચીત, વર્તન અને સલામતી કૌશલ્યનો સમાવેશ થાય છે.

**કાર્યાત્મક વ્યાવસાયિક મૂલ્યાંકન**
વાસ્તવિક અથવા આભાસી કાર્ય વાતાવરણમાં અથવા વાસ્તવિક કાર્ય નમૂનાના અનુભવોમાં વિદ્યાર્થીની શક્તિઓ, ક્ષમતાઓ અને જરૂરિયાતો નક્કી કરવા માટેનું મૂલ્યાંકન.

**સ્વતંત્ર જીવન કૌશલ્યો**
એવા કૌશલ્ય અથવા કાર્યો કે જે પુખ્ત વ્યક્તિને સફળતાપુર્વક સ્વતંત્ર રીતે કાર્ય કરવામાં ફાળો આપે છે. તેઓ ફુરસદની પ્રવૃત્તિઓ, ઘરની જાળવણી અને વ્યક્તિગત સંભાળ અને સમુદાયની સહભાગિતાને સંબોધિત કરી શકે છે.

**રોજગાર માટે વ્યક્તિગત યોજના (IPE)**
વિકલાંગ વ્યક્તિને સ્પર્ધાત્મક રોજગાર તરફ દોરી જતી યોજનાની રૂપરેખા આપતો કાનૂની દસ્તાવેજ. તેનો ઉપયોગ પુનર્વસન સેવાઓના વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**સંકલિત અથવા સમર્થિત રોજગાર**
રોજગાર સેટિંગ જેમાં વિકલાંગતાથી પીડાતા વ્યક્તિ તેની નોકરી વિશે જાણવા અને જાળવવા માટે જરૂરી સમર્થન મેળવે છે.

**રુચિની યાદી**
કારકિર્દી આયોજનમાં વપરાતું સ્વ-મૂલ્યાંકન સાધન કે જે વ્યક્તિની રુચિઓ, પસંદ અને નાપસંદની પ્રવૃત્તિઓ અને સંભવિત કારકિર્દીના વિકલ્પો સાથે મેળ ખાય છે.

**નોકરી માટે વિશ્લેષણ**
ચોક્કસ કામ પૂર્ણ કરવામાં સામેલ ચોક્કસ કાર્યો અને પેટા કાર્યોની ઓળખ.

**નોકરી માટે કોચ**
એ વ્યક્તિ કે જે કોઈ વ્યક્તિને નોકરી વિશે જાણવા અથવા જાળવવા માટે મદદ કરે છે; જે જોબ સાઇટ પર તાલીમ અને સમર્થનનો સમાવેશ કરી શકે છે.

**નોકરીની છટણી**
વિકલાંગતાથી પીડાતા લોકો ને વિવિધ નોકરીઓ પર "તેમનો હાથ અજમાવવાની" તક આપવી જેથી તે વ્યક્તિના કૌશલ્યો અને રુચિઓને જોતાં તેઓ યોગ્ય હોઈ તે નક્કી કરી શકે.

**નોકરીના પ્રકારનું અનુસરણ**
નોકરી કરતા લોકોને અનુસરીને અને જોઈને વિવિધ વ્યવસાયો અને કામના વાતાવરણના પ્રકારોનું અન્વેષણ કરવું.

**જીવન કૌશલ્યો**
કોઈપણ કૌશલ્યો જે ઘરનું સંચાલન કરવા, રસોઇ કરવા, ખરીદી કરવા, નાણાંનું સંચાલન કરવા અને વ્યક્તિગત જીવનની ગોઠવણી માટે ઉપયોગમાં લેવાતા હોય.

**માર્ગદર્શન આપવું**
યુવા અથવા પુખ્ત યુવાન વયના વ્યક્તિ અને ઉંમર માં અને અનુભવમાં વધુ વરિષ્ઠ વ્યક્તિ વચ્ચે સહાયક સંબંધ જે સમર્થન, માર્ગદર્શન અને સહાય પ્રદાન કરે છે.

**ગતિશીલતા માટેના કૌશલ્યો**
એક સ્થાનથી બીજા સ્થાને સલામત રીતે મુસાફરી કરવાની ક્ષમતા.

**જોબ પરની તાલીમ**
કોઈ વ્યક્તિ કાર્યસ્થળ પર હોય ત્યારે, હાલની સ્થિતિને લગતી કેટલીક પ્રવૃત્તિઓ કરતી વખતે જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત કરે છે.

**વેતનયુક્ત રોજગાર**
વેતન માટે અન્ય વ્યક્તિ અથવા વ્યવસાય માટે કામ કરતી વ્યક્તિ.

**વ્યક્તિ-કેન્દ્રિત આયોજન**
એવી પ્રક્રિયા જે વિકલાંગતાથી પીડાતા લોકોને તેમના જીવનની યોજના બનાવવા, તેમના અભિપ્રાય શોધવા અને તેમના લક્ષ્યો સુધી પહોંચવા માટે કાર્ય કરવા માટે સશક્તિકરણ કરે છે. તે તેમની શક્તિઓ અને પસંદગીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**સ્વ-વકીલાત**
વ્યક્તિની વિકલાંગતાને સમજવી, તેમની વિકલાંગતાથી પરિણમેલી શક્તિઓ અને નબળાઈઓથી માહિતગાર રહેવું, અને ચોક્કસ રહેઠાણ માટે તેમની જરૂરિયાતને સમજાવવામાં સક્ષમ બનવું. વકીલાત એ વ્યક્તિની તેમની જરૂરિયાતો અને પસંદગીઓ માટે બોલવાની ક્ષમતા છે.

# જો મને પ્રશ્નો હોય અથવા **મદદની જરૂર હોય તો શું?**

**સ્થાનકિ કૌટુંબકિ સહાય સેવાઓ સંયોજકો**

| સ્થાનકિ સ્કૂલ વ્યવસ્થા | જન્મથી 5 ની ઉંમર | 5 થી 21 ની ઉંમર |
|---|---|---|
| એલેગની | 240-920-6829 | 240-920-6829 |
| એન અરુંદેલ | 410-424-3270 | 410-424-3258 |
| બાલ્ટમિોર સટિ | 410-396-1666 | 443-642-3848 |
| બાલ્ટમિોર કાઉન્ટી | 443-809-9696 | 443-809-5443 |
| કાલવર્ટ | 443-550-8406 | 443-550-8375 |
| કેરોલનિ | 410-479-3609 | 410-479-3609 |
| કેરોલ | 410-751-3955 | 410-751-3955 |
| સેસલિ | 410-996-6230 | 410-996-6230 |
| ચાર્લ્સ | 301-934-7456 | 301-934-7456 |
| ડોરચેસ્ટર | 410-901-6915 | 410-901-6915 |
| ફ્રેડરકિ | 240-578-1244 | 240-236-8744 |
| ગરેટ્ટ | 301-914-1351 | 301-914-1351 |
| હારફોર્ડ | 410-273-5579 | 410-273-5579 |
| હૉવર્ડ | 410-313-7161 | 410-313-7161 |
| કેંટ | 410-778-5708 | 410-778-5708 |
| મોંટગોમરી | 240-777-4809 | 240-753-9487 |
| પ્રનિ્સ જ્યોર્જસ | 240-521-5054 | 301-431-5675 |
| ક્વીન એન્સ | 410-758-2403, x135 | 410-758-2403, x135 |
| સોમરસેટ | 410-651-1616, x11385 | 410-651-1616, x11385 |
| સેંટ મેરીસ | 301-475-5511, x32218 | 240-309-4113 |
| તલબોટ | 410-822-0330 | 410-822-0330 |
| વોશગ્નિટન | 301-766-8221 | 301-766-8221 |
| વાઇકોમકિો | 410-677-5250 | 410-677-5250 |
| વૉસ્ટર | 410-632-5234 | 410-632-5234 |
| મેરીલેન્ડ સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ | 410-444-5000, x1489 | |
| મેરીલેન્ડ સ્કૂલ ફોર ધી ડેફ | 443-277-8899 | |
| મેરીલેન્ડ સ્ટેટ ડપિાર્ટમેંટ ઓફ એજ્યુકેશન | 410-767-0255 | |

**મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેંટ ઓફ એજ્યુકેશન**

**મોહમ્મદ ચૌધુરી**
સ્ટેટ સુપરીન્ટેંડેંટ ઓફ સ્કૂલ્સ (રાજ્ય શાળા અધિક્ષક)

**ડૉ. ડીન કોલન્સ**
ડેપ્યુટી સુપરીન્ટેંડેંટ ફોર ઓફિસ ઓફ ટીચિંગ એન્ડ લર્નિંગ

**ક્લેરેન્સ સી. ક્રોફોર્ડ**
પ્રેસિડેંટ, મેરીલેન્ડ સ્ટેટ બોર્ડ ઓફ એજ્યુકેશન

**વેસ મૂરે**
ગવર્નર

© 2023 મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેંટ ઓફ એજ્યુકેશન

આ પ્રકાશન મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ડિવિઝન ઑફ અર્લી ઈન્ટરવેન્શન અને સ્પેશિયલ એજ્યુકેશન સર્વિસિસ દ્વારા યુ.એસ.ના ભંડોળ સાથે વિકસાવવામાં આવ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગ્રાન્ટ #H393A090124A, PL 105-17/111-5 ઈન્ડિવિડ્યુઅલ્સ વિથ ડિસેબિલિટી એજ્યુકેશન એક્ટ/અમેરિકન રિકવરી એન્ડ રિઈન્વેસ્ટમેન્ટ એક્ટ હેઠળ શિશુઓ અને પરિવારો "રિકવરી ફંડ્સ" માટે વિશેષ શિક્ષણ-અનુદાન (સ્પેશિયલ એડ્યુકેશન-ગ્રાન્ટસ). મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ડિવિઝન ઓફ અર્લી ઈન્ટરવેન્શન અને સ્પેશિયલ એજ્યુકેશન સર્વિસિસ એ મેરીલેન્ડ ઈન્ફન્ટસ એન્ડ ટોડલર્સ પ્રોગ્રામ માટે મુખ્ય એજન્સી છે, આ પ્રોગ્રામ રાજ્ય અને સ્થાનિક એજન્સીઓ અને સંસ્થાઓ દ્વારા સંકલિત સેવાઓ અને સમર્થનનો રાજ્યવ્યાપી કાર્યક્રમ છે. આ પ્રકાશનમાં સમાવિષ્ટ માહિતીની નકલ અથવા વહેંચનારા વપરાશકર્તાઓએ મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ડિવિઝન ઑફ અર્લી ઈન્ટરવેન્શન એન્ડ સ્પેશિયલ એજ્યુકેશન સર્વિસ, ડૉ. ડીન કોલન્સ, ડેપ્યુટી સુપરીન્ટેંડેંટ ફોર ઓફિસ ઓફ ટીચિંગ એન્ડ લર્નિંગ ને ક્રેડિટ દેવી જરૂરી છે.



MARYLAND STATE DEPARTMENT OF
EDUCATION
EQUITY AND EXCELLENCE

410-767-0100

www.marylandpublicschools.org

200 વેસ્ટ બાલ્ટીમોર સ્ટ્રીટ
બાલ્ટીમોર, MD 21201-2595